SAMVAD E-JOURNAL
ISSN (Online) :2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 4, Issue-1, January to March : 2026
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# પ્રાચીન ભારતીય જ્ઞાન પરંપરાના વિકાસમાં ગુરુકુળ વ્યવસ્થા અને તેનું યોગદાન

સાધુ રામકૃષ્ણદાસજી દેવકૃષ્ણદાસજી
શિક્ષણ શાસ્ત્ર ભવન, ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર
સંપર્ક : ૯૯૨૫૨ ૩૩૧૮૦

*સંક્ષેપ :*

*પ્રાચીન ભારતીય સંસ્કૃતિમાં શિક્ષણ માત્ર જ્ઞાનપ્રાપ્તિનું સાધન ન હતું, પરંતુ માનવીના સર્વાંગી વિકાસનું આધ્યાત્મિક, નૈતિક અને સામાજિક સાધન હતું. આ શિક્ષણ વ્યવસ્થાનો મુખ્ય આધાર ગુરુકુળ પ્રણાલી હતી. ગુરુકુળ વ્યવસ્થાએ જ્ઞાન, શિસ્ત, આચાર, મૂલ્યો અને જીવનદૃષ્ટિનું સંવર્ધન કર્યું હતું. વેદ, ઉપનિષદ, પુરાણો,દર્શનશાસ્ત્રોનો વિકાસ ગુરુકુળ પ્રણાલીનું ભારતીય જ્ઞાન પરંપરાને આપેલ યોગદાન છે. ગુરુકુળ એ એક એવી શિક્ષણ પદ્ધતિ હતી જેમાં વિદ્યાર્થીઓ ગુરુના આશ્રમમાં રહીને જ્ઞાન મેળવતા હતા, અને તેમાં માત્ર બૌદ્ધિક વિકાસ જ નહીં, પરંતુ ચરિત્રનિર્માણ અને આધ્યાત્મિક ઉન્નતિ પણ સમાવિષ્ટ હતી આ સંશોધન પત્રમાં ગુરુકુળ વ્યવસ્થાના ઐતિહાસિક વિકાસ, અભ્યાસક્રમ, શિક્ષણની પદ્ધતિ, ગુરુ-શિષ્ય પરંપરા તથા પ્રાચીન ભારતીય જ્ઞાન પરંપરાના વિકાસમાં તેના યોગદાનનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. સાથે જ આધુનિક શિક્ષણ વ્યવસ્થામાં ગુરુકુળ પ્રણાલીની પ્રાસંગિકતાની ચર્ચા કરવામાં આવી છે.*

*ચાવીરૂપ શબ્દો:ગુરુકુળ વ્યવસ્થા, પ્રાચીન ભારત, જ્ઞાન પરંપરા, ગુરુ-શિષ્ય પરંપરા, ભારતીય શિક્ષણ*

**પ્રસ્તાવના :**

પ્રાચીન ભારત વિશ્વની સૌથી સમૃદ્ધ જ્ઞાન પરંપરાઓમાંથી એક ધરાવે છે. વેદ, ઉપનિષદ, બ્રાહ્મણ, આરણ્યક, દર્શનશાસ્ત્ર, આયુર્વેદ, ગણિત, ખગોળશાસ્ત્ર અને વ્યાકરણ જેવી વિદ્યા પરંપરાઓએ માનવ સંસ્કૃતિને વૈશ્વિક સ્તરે પ્રભાવિત કરી છે. આ જ્ઞાન પરંપરાનો આધાર ગુરુકુળ વ્યવસ્થા હતી. ગુરુકુળ એ માત્ર શિક્ષણ સંસ્થા ન હતી, પરંતુ જીવનશાળા હતી જ્યાં શિષ્ય માનવી બનવાની કલા શીખતો હતો.આ સંશોધન પત્રનો હેતુગુરુકુળ વ્યવસ્થાએ પ્રાચીન ભારતીય જ્ઞાન પરંપરાના વિકાસમાં કેવું અને કેવી રીતે યોગદાન આપ્યું અને તે વ્યવસ્થાના તત્ત્વો આજના શિક્ષણ માટે કેટલા પ્રાસંગિક છેએ સમજાવવાનો છે.

**ગુરુકુળ વ્યવસ્થાનો અર્થ અને સ્વરૂપ**

'ગુરુકુળ' શબ્દ 'ગુરુ' અને 'કુળ' પરથી બનેલો છે, જેનો અર્થ થાય છે ગુરુનું ઘર અથવા આશ્રમ. અહીં શિષ્ય ગુરુ સાથે રહીને શિક્ષણ મેળવે છે. આ વ્યવસ્થામાં શિક્ષણ ઔપચારિક અને અનૌપચારિક બન્ને સ્વરૂપે આપવામાં આવતું.ગુરુકુળમાં શિક્ષણ મુખ્યત્વે નિવાસીહતું. શિષ્ય ગુરુના આશ્રમમાં રહીને બ્રહ્મચર્ય, સેવા, અનુશાસન અને સ્વાધ્યાય દ્વારા જ્ઞાન પ્રાપ્ત કરતો.

**ગુરુકુળ વ્યવસ્થાની ઉત્પત્તિ અને વિકાસ:**

ગુરુકુળ વ્યવસ્થાની ઉત્પત્તિ વૈદિક કાળમાં થઈ અને આ સમયે ગુરુકુળ વ્યવસ્થા સૌથી વિકસિત સ્વરૂપે જોવા મળે છે.

ઋષિ-મુનિઓના આશ્રમોમાં (ગુરુકુળ) રહીને વિદ્યાર્થીઓ શિક્ષણ મેળવતા હતા. ઋગ્વેદમાં ગુરુ-શિષ્ય પરંપરાનો ઉલ્લેખ છે, જ્યાં ગુરુને દેવતુલ્ય માનવામાં આવતા હતા. મધ્યકાળમાં બૌદ્ધ અને જૈન મઠોમાં આ વ્યવસ્થા વિસ્તરી, અને તક્ષશિલાઅને નાલંદા જેવા મહાવિહારો વૈશ્વિક શિક્ષણ કેન્દ્રો બન્યા. તક્ષશિલામાં ૧૦૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા, અને તેમાં ગણિત, ચિકિત્સા અને યુદ્ધ કલાનું શિક્ષણ આપવામાં આવતું હતું નાલંદામાં ચીની પ્રવાસી હ્યુએન ત્સાંગ આવ્યા તેણે બૌદ્ધ દર્શન અને ભારતીય જ્ઞાનને વિશ્વમાં ફેલાવ્યું. વેદોનું

પાઠન-પાઠન, શ્રુતિ પરંપરા અને મૌખિક શિક્ષણ પદ્ધતિ આ કાળની વિશેષતા હતી. આ વિકાસમાં ગુરુકુળ વ્યવસ્થાએ જ્ઞાનને મૌખિક પરંપરા દ્વારા સાચવ્યું અને વિસ્તાર્યું.

ઉપનિષદિક કાળમાં ગુરુકુળમાં તત્ત્વજ્ઞાન, આત્મવિચાર અને બ્રહ્મજ્ઞાન પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો. ગુરુ અને શિષ્ય વચ્ચે સંવાદાત્મક પદ્ધતિ વિકસી.ઉત્તર વૈદિકકાળ અને ત્યારબાદ તક્ષશિલા, નાલંદા, વિક્રમશિલા જેવી મહાવિહાર પરંપરાઓ વિકસિત થઈ, જે ગુરુકુળ વ્યવસ્થાના વિસ્તૃત સ્વરૂપ ગણાય છે.

**ગુરુકુળ વ્યવસ્થાના લક્ષણો અને શિક્ષણ પદ્ધતિ**

ગુરુકુળ વ્યવસ્થાના મુખ્ય લક્ષણોમાં મુખ્ય ગુરુ-શિષ્ય પરંપરા છે. આ પરંપરા ગુરુકુળ વ્યવસ્થાનો આત્મા હતી. ગુરુ માત્ર શિક્ષક નહિ પરંતુ માર્ગદર્શક, પિતૃતુલ્ય અને આદર્શ વ્યક્તિત્વ હતો. શિષ્ય ગુરુ પ્રત્યે શ્રદ્ધા, ભક્તિ અને સમર્પણ ધરાવતો.આશ્રમ જીવન અને વ્યવહારિક શિક્ષણનો સમાવેશ થાય છે. વિદ્યાર્થીઓ ઉપનયન સંસ્કાર પછી આશ્રમમાં પ્રવેશ કરતા અને પુખ્તાવસ્થા સુધી ત્યાં રહેતા. તેઓ ગુરુની સેવા કરતા, ભિક્ષા માંગી સાદું સંયમી શિસ્તબધ્ધ જીવન જીવતા. ધ્યાન-યોગ શિક્ષણ વ્યવસ્થાનો ભાગ હતું. શિક્ષણ મૌખિક હતું, જેમાં વેદોના પઠન, તર્ક-વિતર્ક અને વ્યવહારિક કુશળતાઓ જેમ કે કૃષિ, હસ્તકલા અને યુદ્ધનું તાલીમ આપવામાં આવતું. ગુરુકુળ વ્યવસ્થાનો આધાર ભારતીય દર્શન પર હતો. ધર્મ, કર્મ, પુનર્જન્મ અને મોક્ષ જેવા સિદ્ધાંતો શિક્ષણના કેન્દ્રમાં હતા. શિક્ષણનો હેતુ માત્ર વ્યવસાયિક કુશળતા નહિ પરંતુ આત્મિક ઉન્નતિ હતો.

ગુરુ વિદ્યાર્થીની ક્ષમતા અનુસાર વ્યક્તિગત માર્ગદર્શન આપતા.આ પદ્ધતિમાં જ્ઞાનને માત્ર પુસ્તક પુરતું નહીં પણ જીવન જીવવામાં ઉપયોગી બનાવવામાં આવ્યું હતું, જેમાં આત્મજ્ઞાન અને મોક્ષની પ્રાપ્તિને મુખ્ય ધ્યેય માનવામાં આવ્યું. કન્યાઓ માટે અલાયદા ગુરુકુળો હતા. ગાર્ગી અને મૈત્રેયી જેવી વિદુષી સ્ત્રીઓએ તેમાંથી જ્ઞાન મેળવ્યું. આ વ્યવસ્થાએ સમાનતા અને સમાજસેવાના મૂલ્યોને પ્રોત્સાહન આપ્યું.

**ગુરુકુળમાં પાઠ્યક્રમ અને શિક્ષણ પદ્ધતિ:**

ગુરુકુળમાં પાઠ્યક્રમ વ્યાપક અને સર્વાંગી હતો. વેદ અને ઉપવેદ,વ્યાકરણ, નિરુક્ત, છંદ,ગણિત અને ખગોળશાસ્ત્ર,આયુર્વેદ અને ધનુર્વેદ,નૈતિકતા, યોગ અને ધ્યાન જેવા વિષયોનો અભ્યાસ થતો. ગુરુકુળમાં શિક્ષણ પદ્ધતિ મૌખિક, અનુસરણ આધારિત અને અનુભવાત્મક હતી. સ્વાધ્યાય, મનન અને નિધિધ્યાસન પર ભાર મૂકવામાં આવતો.

**ભારતીય જ્ઞાન પરંપરાના વિકાસમાં યોગદાન:**

ગુરુકુળ વ્યવસ્થાએ જ્ઞાનનું સંરક્ષણ, પ્રસાર અને વિકાસ કર્યો. મૌખિક પરંપરાએ વેદોને સહસ્રાબ્દીઓ સુધી શુદ્ધ સ્વરૂપે જાળવી રાખ્યા. આ વ્યવસ્થાએ વૈજ્ઞાનિક, તત્ત્વજ્ઞાનિક અને આધ્યાત્મિક જ્ઞાનની સતત પરંપરા સુનિશ્ચિત કરી.ગુરુકુળ વ્યવસ્થા સમાજમાં શિસ્ત, સહઅસ્તિત્વ, કરુણા અને સેવાભાવ જેવા મૂલ્યોનું સંવર્ધન કરી શિક્ષણને સર્વાંગી માનવ નિર્માણનું સાધન બનાવ્યું છે.

**ભારતના ગુરુકુળો અને તેમની વૈશ્વિક અસર :**

પ્રાચીન ભારતમાં અનેક પ્રખ્યાત ગુરુકુળો હતા, જેમાં તક્ષશિલા અને નાલંદા અગ્રગણ્ય છે. તક્ષશિલા (વર્તમાન પાકિસ્તાનમાં) વિશ્વનું પ્રથમ વિશ્વવિદ્યાલય માનવામાં આવે છે, જ્યાં ૬૪વિષયોનું શિક્ષણ આપવામાં આવતું હતું. ત્યાં ચંદ્રગુપ્ત મૌર્ય અને પાણિની જેવા વિદ્વાનો અભ્યાસ કર્યો. નાલંદામાં ૯માળની ઈમારતો અને પુસ્તકાલય હતું, જ્યાં ૨૦૦૦શિક્ષકો અને ૧૦૦૦૦વિદ્યાર્થીઓ હતા. ત્યાં નાગાર્જુન અને ધર્મકીર્તિ જેવા વિદ્વાનોનું યોગદાન હતું. આ કેન્દ્રોએ ચીન, જાપાન અને યુરોપમાં જ્ઞાન ફેલાવ્યું. વિક્રમશીલા અને વલ્લભી પણ મહત્વપૂર્ણ હતા. આ અસરને કારણે ભારતીય જ્ઞાન વૈશ્વિક થયું જેની અસાર આધુનિક વિજ્ઞાન પર પડી છે.

**વર્તમાન સમયે ગુરુકુળ વ્યવસ્થાની પ્રાસંગિકતા અને પડકારો :**

વર્તમાન શિક્ષણ વ્યવસ્થામાં ગુરુકુળની પ્રાસંગિકતા છે, કારણ કે તે સર્વાંગીણ વિકાસ, મૂલ્યશિક્ષણ અને વ્યક્તિગત માર્ગદર્શન પર ભાર મૂકે છે. આજના તણાવગ્રસ્ત જીવનમાં યોગ અને ધ્યાન ઉપયોગી છે. NEP-2020માં ભારતીય જ્ઞાન પરંપરાનો સમાવેશ ગુરુકુળ વ્યવસ્થાની પ્રાસંગિકતા દર્શાવે છે. NEP-2020 થકી આ વ્યવસ્થાને પુનર્જીવિત કરીવાનો સતુત્ય પ્રયાસ થઈ રહ્યો છે. જો કે, જાતિવાદ અને મહિલાઓની મર્યાદિત ભાગીદારી જેવા પડકારો હતા. વર્તમાનમાં આધુનિકીકરણ કરી સુચારુ અમલ કરી શકાય છે.

**સમાપન :**

ગુરુકુળ વ્યવસ્થા પ્રાચીન ભારતીય જ્ઞાન પરંપરાનો આધારસ્તંભ હતી. ગુરુકુળ વ્યવસ્થાએ ભારતીય જ્ઞાન પરંપરાને વિકસાવી અને વૈશ્વિક સ્તરે પ્રચારિત કરી. ગુરુકુળ વ્યવસ્થાનું યોગદાન વેદોથી વિજ્ઞાન સુધી વિસ્તરેલું છે. આ પરંપરા થકી માત્ર વિદ્વાનો નહિ પણ સદગુણી માનવ સમાજ ઊભો કર્યો. આધુનિક શિક્ષણમાં ભારતીય જ્ઞાન પરંપરા આત્મનિર્ભર ભારતની આધારશિલા પણ ગણાવી શકાય છે.ગુરુકુળની

સર્વગ્રાહી મૂલ્યનિષ્ઠ વ્યવસ્થાનો વ્યાપક સ્વીકાર થશે તો ઔપચારિક શિક્ષણવધુ માનવીય,વ્યવહારુ અને અર્થપૂર્ણ બની શકશે.વર્તમાનમાં તેને પુનર્જીવિત કરીને શિક્ષણને વધુ અર્થપૂર્ણ બનાવી શકાય છે.


**References : (ENGLISH)**

- Ghosh, S. C. (2001). History of Education in India. New Delhi: Rawat Publications.
- Mukherjee, R. (2010). Ancient Indian Education: Brahmanical and Buddhist. Delhi: Motilal Banarsidass.
- Radhakrishnan, S. (1951). Indian Philosophy. London: George Allen & Unwin.
- Sharma, R. S. (2005). India's Ancient Past. New Delhi: Oxford University Press.

**સંદર્ભ પુસ્તકો ગુજરાતી :**

- અલ્તેકર, એ) .એસ.2008). પ્રાચીન ભારતનું શિક્ષણ (ગુજ.યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ :અમદાવાદ .(.અનુ .
- આચાર્ય, હસમુખલાલ) .2012). ભારતીય સંસ્કૃતિ અને શિક્ષણ પરંપરા. અમદાવાદ.ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય :
- ઉપાધ્યાય, રમણલાલ) .2010). વૈદિક સંસ્કૃતિ અને શિક્ષણ પદ્ધતિ. વડોદરા.પાર્થ પ્રકાશન :
- કાપડિયા, રમેશચંદ્ર) .2015). ભારતીય જ્ઞાન પરંપરા. રાજકોટ.આરાધના પ્રકાશન :
- ગજ્જર, ચંદ્રકાંત) .2011). ભારતીય દર્શન અને શિક્ષણ. અમદાવાદયુ :નિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.
- જોશી, નગીનદાસ) .2009). ગુરુકુળ પરંપરાતત્ત્વ અને પ્રયોગ :. અમદાવાદ.પ્રાચી પ્રકાશન :
- ઠાકોર, વિમલભાઈ) .2014). પ્રાચીન ભારતની શિક્ષણ વ્યવસ્થા. ભાવનગર.નવભારત સાહિત્ય મંદિર :
- પંડ્યા, દિનકરભાઈ) .2016). વેદિક યુગનું શિક્ષણ અને સમાજ. અમદાવાદ.ગુર્જર પ્રકાશન :
- ભટ્ટ, હરિશચંદ્ર) .2013). ઉપનિષદિક વિચારધારા. અમદાવાદ.યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ :
- શુક્લ, જયંતિલાલ) .2018). ભારતીય સંસ્કૃતિનો ઇતિહાસ. સુરત.સરસ્વતી પ્રકાશન :